૮૦૧ / ૫૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

# પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૦૧ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧. (અ) નીચે આપેલા સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. ધર્મનિષ્ઠાની અપેક્ષાએ સ્વરૂપનિષ્ઠાનું અધિકપણું.
૨. 'અમારી પ્રકૃતિ તો રામાનંદ સ્વામી જેવી નથી.' - વિશ્લેષણ કરો.
૩. રાજનીતિના દૃષ્ટાંતે સાધનામાર્ગમાં બળવાન થવાનો ઉપાય.
૪. શાસ્ત્રના શબ્દ સત્પુરુષ થકી જ સમજાય છે. - વિવેચન કરો.
૫. કલ્યાણનું પરમ કારણ : કર્તાપણું સમજવું - નિરૂપણ કરો.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. 'માટે જેટલા ત્યાગી છે તેને ................. સુખ ન થાય.'
૨. 'વૈરાગ્યહીન હોય તે તો ............... કૃપાએ કરીને ટળે.'
૩. 'અમારે પોતાની કોરનું .................. જણાયા કરે છે.'
૪. 'ચાર વેદ, પુરાણ .................... પરમ કલ્યાણ છે.'
૫. 'ને ભગવાનના જે સંત ...................... અતિશય બળ આવે છે.'

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાક્મના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) નિયમ (૨) સેવા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨. (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. મનુષ્યભાવ શેને કરીને આવે છે ?
૨. આંબા જેવા કોણ છે ? અને ખીજડા જેવા કોણ છે ?
૩. નિયમ પળાવીને કલ્યાણ કરવાની મહારાજની વિશેષતા શા માટે છે ?
૪. સર્વનિવાસાનંદ સ્વામીને શેમાં વૃત્તિ રહી જ નહોતી ?



૫. મહારાજનાં ચરણારવિંદ આ પૃથ્વી પર ક્યારે આવ્યાં ?
૬. કોણ કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. .................... એ કહ્યું : 'કારણ શરીર તો કાળા પથ્થર જેવું કઠણ છે.' (સર્વનિવાસાનંદ, સિદ્ધાનંદ, સ્વરૂપાનંદ)
૨. જીવ મહારાજને .................... સમજવામાં અટકે છે. (પુરુષોત્તમ, દિવ્ય, સગુણ-નિર્ગુણ)
૩. મને કરીને મોટા સાધુને વિષે .................... આવવા દેવું નહિ. (મનુષ્યપણું, નાસ્તિકપણું, પરોક્ષપણું)
૪. .................... થાય ત્યારે સર્વ ખોટું થઈ જાય. (યોગ, વિવેક, જ્ઞાન)
૫. આ જીવ તો ભગવાનની ને મોટા સાધુની .................... રાખતો નથી. (ગરજ, મર્યાદા, સમજણ)
૬. નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ .................... કહ્યું છે. (અક્ષરથી પર, નિર્દોષ, ચૈતન્યમય)
૭. .................... તો બાંધે તેવા છે. પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જણાય નહીં. (સ્વભાવ, અંતઃશત્રુ, વિષય)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. મન, કર્મ, વચને સત્પુરુષનો સમાગમ.
૨. ગુણાતીતાનંદ સ્વામીનું કથા કૌશલ્ય. ૩. અક્ષરરૂપ થવાના ઉપાયો.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર. ૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. વનવિચરણ દરમ્યાન જનસમુદાય પર શ્રીહરિનો પ્રભાવ.
૨. નીલકંઠનું ઐશ્વર્યદર્શન
૩. સ્પષ્ટવક્તા શ્રીહરિ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. શીતળદાસ અને દીનમણિ શર્માને દીક્ષા : શ્રીહરિનું તેમાંથી ઉપસતું વ્યક્તિત્વ.
૨. સેવામૂર્તિ નીલકંઠ
૩. શાસ્ત્રવિશારદ શ્રીહરિ.
૪. શ્રીહરિએ પ્રથમ સંબોધેલી ધર્મસભા.